## વિભાગીય સંશોધન-વ-વિસ્તરણ સલાહકાર સમિતિ (ઝર્ક) ની ૨૬ મી ખરીફ ઋતુપૂર્વની બેઠક યોજાય

વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા વિભાગીય સંશોધન-વ-વિસ્તરણ સલાહકાર સમિતિ (ઝર્ક) ની ૨૬ મી ખરીફ ઋતુપૂર્વની બેઠક તા. ૧૪.૦૨.૨૦૧૮ ને બુધવારના રોજ યાજ્ઞવલ્કય હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે ડૉ. એન. સી. પટેલ, માન. કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. આ બેઠકમાં મધ્ય ગુજરાતના નવ જિલ્લા (આણંદ, ખેડા, વડોદરા, છોટાઉદેપુર, અમદાવાદ, બોટાદ, પંચમહાલ, મહીસાગર અને દાહોદ) ના કૃષિ, બાગાયત, પશુપાલન અને મત્સ્યપાલન તથા તમામ કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં અધિકારીઓ હાજર રહી ખેડૂતોનાં પ્રશ્નો અને ફીડબેક અંગે ચર્ચા કરી કયા સંશોધનો હાથ ધરવા તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી. આ પ્રસંગે ડૉ. એન. સી. પટેલ, માન. કુલપતિશ્રીએ જમીનનું ધોવાણ અટકાવવા, ખેતીમાં પેદા થતા નકામાં કચરામાંથી ખાતર બનાવવા, ટપક સિંચાઈ પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણ વગેરેનાં નવા સંશોધનો ખેડૂતો સુધી પંહોચાડી ખેતી ખર્ચ ઘટાડી આવક વધારવા અનુરોધ કરેલ.

